॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ૐ ॥

॥ तस्य वाचकः प्राणवः ॥

પૂજ્ય/પ્રિય - સદ્‌ધર્મપ્રેમી શ્રી,

પરમ ગુરુદેવ ઓમ્‌નારાયણની કૃપાથી અને પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની નિશ્રામાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ઊજવવાનું નિર્ધારેલ છે તો સર્વે સદ્‌ધર્મ-પ્રેમીઓને સ્વાધ્યાય-સત્સંગ અને ગુરુપૂજનનો લ્હાવો લેવા ભાવભીનું નિમંત્રણ છે.

તારીખ : ૯-૭-૯૮ - ગુરુવાર

સમય : સવારે ૭-૦૦ થી ૩-૦૦

સ્થળ : ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે,
કાંકરીઆ, મણિનગર, અમદાવાદ-૨૮.

ઓમ્ પરિવાર વતી

કાર્યક્રમ-યોજકોના જયનારાયણ,
જય ઓમ્‌ગુરુદેવ, વંદન

-: ગુરુ-સદ્‌ગુરુ :-

જેની સહાય જેટલી વધુ કિંમતી તેટલું તે વ્યક્તિનું મૂલ્ય-મહત્તા વધુ ગણાય છે. જેમકે શરીરનાં બીજાં અંગો કરતાં, હૃદય-ફેફસાનું મૂલ્ય-મહત્તા-આવશ્યકતા વધુ ગણાય છે તેથી તે અંગોના ડૉકટરની કિંમત પણ વધુ અંકાય છે. તેમ, અન્ય ભૌતિક સહાયતા કરતાં આધ્યાત્મિક સહાયતા અને મોક્ષપ્રાપ્તિમાં ઉપયોગી સહાયતાને વધુ મૂલ્યવાન સમજવામાં આવે છે. અને તેથી તેવા સહાયકો માટે ગુરુ-સદ્‌ગુરુ શબ્દનું સંબોધન કરવાનો ઋષિ-સંસ્કૃતિમાં રિવાજ છે.

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુકત સત્યથી ભરેલું)
(બહુજનહિતાય - બહુજનસુખાય)
જુલાઈ - ઓગષ્ટ - સપ્ટેમ્બર (ત્રિમાસિક)

VOL - VIII (98-99) ISSUE -I માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની જીવનગાથા

પ્રવકતા - યોગભિક્ષુ
સંકલન : નૈષધ વ્યાસ

પૂર્વ જીવનનાં સંભારણાં
(તા. ૨૮-૩-૯૮)

પાતંજલ યોગદર્શનના અમે ખૂબ પ્રેમી. જ્યાંથી જ્યાંથી અને જેનાં જેનાં પાતંજલ યોગદર્શનનાં ભાખ્યો, ટીકાઓ, ગ્રંથો ઈત્યાદિ મળે તે અમે અવલોકીએ. યોગદર્શનના કયા સૂત્ર બાબત કોનો શું મત છે તે જાણવાનો અમે સતત પ્રયત્ન કરીએ. તો આમ, જુદા જુદા અનેક મતો જાણવાની ખૂબ તાલાવેલી. હમાણાં હમાણાં એવી ઈચ્છા થઈ કે અમુક અમુક સૂત્રો બાબતમાં આચાર્ય રજનીશનો શું મત છે તે જાણવું. તેથી તેમના યોગસૂત્રો ઉપરના વિચારો વાંચવાની શરૂઆત કરી. તેમાં એક જગ્યાએ સ્વપ્નની વાત નીકળી. રજનીશજીએ લખેલું કે "શિવને કહ્યાં..." અને પછી આગળ ચલાવેલું કે અમુક પ્રકારના વિચારો સાથે અને અમુક પ્રકારની સાવધાની સાથે રાત્રે નિદ્રાધીન થવાથી સ્વપ્નમાં પણ જાગૃત રહી શકાય છે, આપણને એ વખતે તે પણ ખ્યાલ રહે છે કે આ સ્વપ્ન જ છે. સ્વપ્ન વિષેના તેઓના આ વિચારો જાણ્યા એટલે અમને અમારું પૂર્વજીવન અને તે દરમ્યાન આવેલાં અમુક સ્વપ્નોની યાદ આવી ગઈ.

અમારા અમુક પ્રેમીઓ-ભકતો કહેતા હોય છે કે "અમે તો સૂતા એટલે સૂતા, સવારે ઊઠીએ ત્યાં સુધી એકેય સપનું જ ન આવે; સ્વપ્નનું નામનિશાન નહીં!" ત્યારે અમારે તો પહેલાં સ્વપ્ન અને પછી નિદ્રા ! આવી પરિસ્થિતિ ! જ્યાં તંદ્રાની શરૂઆત થાય ત્યાં જ સ્વપ્ન શરૂ થઈ ગયું હોય. આટલાં બધાં સ્વપ્નો ! કેટલાંક તો સવારોસવાર ચાલે અને ખૂબ યાદ પણ રહે. અને એવાં જાતજાતનાં, ભાતભાતનાં અને ચિત્રવિચિત્ર સ્વપ્નો આવે કે તેમનું કંઈ મોં-માથું જ ન હોય. પરંતુ કોઈ કોઈ સ્વપ્નો ખૂબ જ અર્થપૂર્ણ હોય. તો, રજનીશજીનું પુસ્તક વાંચતા વાંચતા કેટલાંક સ્વપ્નોની યાદ આવી ગઈ. એ સ્વપ્નો એવાં કે સ્વપ્નમાં પણ સ્વપ્ન અને એમાં પણ સ્વપ્ન; બેવડું સ્વપ્ન અને ત્રેવડું સ્વપ્ન પણ થઈ જાય. કેવાં કેવાં સ્વપ્નો ?! તમને આ સાંભળીને જિજ્ઞાસા થશે કે બાપુ કેવાં સ્વપ્નોની વાત કરે છે, પરંતુ એવાં સ્વપ્નો વિષે સાંભળીને પછી તમે મીઠું મોઢું કરાવવાની માગણી કરશો તો અમે નહીં કરાવીએ, હોં ! અસ્તુ.

જીવનમાં ચારથી પાંચ વખત પરાણવાનાં સ્વપ્નો આવેલાં. એ વખતે તો પછી સપનામાં અને સપનામાં એવો પસ્તાવો થાય, એવો પસ્તાવો થાય કે, 'અરરર...! આ શું કર્યું ? મરી ગયા, આવી બન્યું, હવે છોતરાં નીકળી જવાનાં. ન પરાણવા માટે કેટલી બધી

સાવધાની રાખતા'તા ! કેટલી બધી સાવધાની રાખતા'તા!! તોય આ પરણ્યા. હવે શું થશે ?' (પ. પૂ. ગુરુદેવ શ્રી યોગવિમુજીએ સમજણા થયા ત્યારથી જ સેવા અને સાધનામય જ જીવન જીવવાનો નિશ્ચય કરેલો. તેથી લગ્ન વિષેના વિચારોને પાણ પૂજ્યશ્રી વિઘ્નરૂપ ગણતા.) માણસ જ્યારે ચારેય બાજુથી ફસાય, ચારેય બાજુથી ગભરાય ત્યારે છેલ્લો ઉપાય શું ? ભગવાનને પ્રાર્થના. એટલે સપનામાં ને સપનામાં અમે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે, 'હે પરમાત્મા ! આ પરણવાનો જે આખો પ્રસંગ બન્યો છે તે સાચો ન હજો અને એક સ્વપ્ન થઈ જજો; તો હું આટલી આટલી બાધા કરીશ.' આમ સપનામાં ને સપનામાં અમે ભગવાનને પ્રાર્થના કરતા હતા, તે દરમ્યાન આંખ ખૂલી ગઈ. આહાહા...! આંખ ખૂલી ગઈ, સ્વપ્ન હતું ; સાચી વાત નહોતી. તોય પાછી આંખ બંધ કરીને ફરીફરીને જોઈએ તો એમ લાગે કે જાણે લગ્નની વાત સાચી જ હતી પાણ આ તો ભગવાનને પ્રાર્થના કરી છે એટલે તેમાણે એનું સપનું કરી નાખ્યું છે. પરમ કૃપાળુ પરમાત્માએ અમારી પ્રાર્થના સાંભળી અને અમને બચાવી લીધા. ઉપરોક્ત સ્વપ્ન એ જાણે હકીકત હતી અને પરમાત્માએ એ હકીકતને સ્વપ્નમાં ફેરવી દીધી.

તો, વીસ-પચીસ વર્ષો પહેલાં લગ્નનાં આવાં ત્રાણ-ચાર સ્વપ્નો આવેલાં. પુસ્તક વાંચતાં વાંચતાં એ સ્વપ્નોની વાતો યાદ આવી જઈ અને સાથે સાથે બે દિવસ પહેલાં આવેલું સ્વપ્ન પાણ યાદ આવ્યું. એ સ્વપ્ન પાણ પરણવાનું હતું. આખી રાત સપનું ચાલ્યું. આંખ ખૂલી જાય તો યાદ કરીએ જેથી સવારે બધાને કહેવા થાય. યાદ કરતાં કરતાં ફરી આંખ બંધ થઈ જાય તો જ્યાંથી સપનું પડી રહ્યું હોય ત્યાંથી આગળ ચાલે.

એ અસલ હળવદનું મકાન. ત્યાં બધાં સગાંવહાલાંઓ ભેગાં થયેલાં. એક તરફ બધાં બહેનો ભેગાં થઈને ગાણાં ગાતાં'તાં. અમારા લગ્નનો પ્રસંગ ચાલતો હતો. આમ સપનું આગળ વધતું હતું. સપનામાં ને સપનામાં અમે લગ્ન કરીને લક્ષ્મીનારાયણના મંદિરમાં દર્શન કરવા ગયા. એ વખતે એવો રિવાજ કે પરણીને નવદંપતી સાથે દર્શન કરવા જાય. અમારી પત્ની તરીકેની સ્ત્રીનો આખો વિચિત્ર ઢંગ. એ સ્ત્રીનું એકલું મસ્તક જ. ખેતરમાં પક્ષીઓને ઉડાડવા માટે ચાડિયો રાખે છે એના જેવું લાગે. ખેતરમાં એક લાકડી ઊભી કરે અને એના ઉપર માટલું મૂકેલું હોય; એને ચાડિયો કહેવાય. તો, એ ગદા જેવું સ્ત્રીનું માથું લાકડી સાથે હતું, જેને અમે ખભે લીધેલું. અને એ રીતે અમે લક્ષ્મીનારાયણના મંદિરમાં દર્શન કરવા ગયા.

ઉપરોક્ત સ્વપ્ન પરમ દિવસે રાત્રે આવ્યું હતું. તે દિવસે અમે રજનીશજીનું એ પુસ્તક વાંચતા હતા. પુસ્તકમાં અમુક બાબત સમજાવતાં સમજાવતાં તેઓ એક જ આગ્રહ કરતા'તા કે બસ આનંદઉત્સવ મનાવો, આંનદઉત્સવ મનાવો. ગંભીર માણસોનું કંઈ કામ નથી. કોઈ ગંભીર માણસો મારી પાસે આવશે તો કાં તો એ કંટાળીને ભાગી જશે અને કાં તો એણે બદલાઈ જવું પડશે. ખોટા ગંભીર થઈને ધાર્મિકતાના દેખાવ કરવાનો કંઈ અર્થ નથી. બસ એક જ વાત - ઉત્સવ મનાવો, ઉત્સવ મનાવો. તેમાણે પુસ્તકમાં ઉપરાઉપરી આ જ આગ્રહ કરેલો. તો, એ રાત્રે અમે પાણ ઉત્સવ જ મનાવ્યો. કેવી રીતે ? ઊંઘમાં આવેલા સ્વપ્નમાં. અને ઉત્સવમાં પાણ પરણવાના પ્રસંગો. એ બધા પ્રસંગો સ્પષ્ટેય નહીં અને પૂરેપૂરા અસ્પષ્ટેય નહીં. અને એવા પ્રકારના સ્વપ્નમાંથી અમે પસાર થયા.

મૂળ વાત એ હતી કે રાત્રે અમુક પ્રકારે સાવધાની રાખો તો તમને સ્વપ્નમાં પાણ ખબર પડે કે આ સ્વપ્ન જ છે, આમ સ્વપ્નમાં પાણ-તમે જાગૃત રહી શકો. તો, આ વાત સાથે અમે અમારાં સ્વપ્નોને સરખાવતા હતા કે અમને તો અવારનવાર આવાં સ્વપ્નો આવે છે. થોડા દિવસો પહેલાં એક સ્વપ્ન આવ્યું હતું. તેમાં સહજાનંદ મહારાજ દેખાયેલા. અમે એમના ચરણસ્પર્શ કરવાનો વિચાર કર્યો. પરંતુ વિચારીએ છીએ કે ચરણસ્પર્શ કરતાં પહેલાં જ આંખ ઊઘડી જશે તો ? સ્વપ્ન પૂરું થઈ જશે તો? આમ, સ્વપ્નમાં પાણ આવી પરિસ્થિતિ ! સ્વપ્ન દરમ્યાન પાણ ખબર હોય કે આ સ્વપ્ન જ છે.

પરમ દિવસે રાત્રે પરણવાનું સ્વપ્ન આવ્યું અને

ગઈ કાલે રાત્રે સંન્યાસનું સ્વપ્ન આવ્યું, જાણે અમે સંન્યાસી છીએ. મોટા કાકા અમને પીરસે છે, જમાડે છે. એમાંયે સરસ મજાની કેસાર જેવી વાનગી અમને પીરસી. સામે એક બીજા ભાઈ પણ ઊભા છે. એમાંયે પણ એવી જ વાનગીઓ અમારા ભાણામાં પીરસી. પછી અમે જમીએ છીએ અને સપનું આગળ ચાલે છે.... આમ, કેવી આસમાની સુલતાની? કેટલો વિરોધાભાસ ! ક્યાં લગ્ન અને ક્યાં સંન્યાસ! પણ આ બધું કહેવાનો મુખ્ય આશય એ કે સ્વપ્નમાં પણ અમારાથી જાગૃત રહેવાય જ છે. એ તો મૂળથી જ છે. અને તેથી ખૂબ આનંદ થયો.

તો, આ પુસ્તકમાં રજનીશજીએ લખ્યું કે 'શિવને કહ્યા...' અને એમ કહીને સ્વપ્નોની વાતો લખી. પણ શિવે કયા શાસ્ત્રમાં આ વાત કરી છે એ તો ધ્યાનમાં આવ્યું નથી. વળી પાતંજલ યોગસૂત્ર જોવાની ઇચ્છા હોય પણ એ સૂત્ર તો બાજુમાં પડ્યું રહે અને ક્યાંની ને ક્યાંની વાતો ચાલે. રજનીશજી એ સમજાવતા હોય ત્યારે એમની પદ્ધતિ પ્રમાણે એટલા ઊંડાણમાં જાય, એટલા ઊંડાણમાં જાય કે વાંચનારને એમ થાય કે જાણે આખો વિષય જ બદલાઈ ગયો. પાતંજલ યોગદર્શનની ટીકા વાંચતાં વાંચતાં જ એવી વાત આવી કે - બહુદીઓ કહે છે કે ઈસુ ખ્રિસ્ત ક્યારેય હસ્યા જ નથી. એવું તે કાંઈ બનતું હશે, એ હસ્યા જ ન હોય ? ઈસુ ખ્રિસ્ત સ્ત્રીઓને બહુ પ્રેમ કરતા હતા અને અમુક અમુક પ્રકારનો દારૂ એમને બહુ વહાલો હતો. એના કારણે લોકોએ એમને ક્રોસ ઉપર ચડાવી દીધા. આમ, વિષયાંતર થઈ જવા જેવું લાગે એટલે આપણે વિચાર કરતા થઈ જઈએ કે પાતંજલ યોગદર્શન વિષે વાંચતા હતા એમાં આવી વાતો ક્યાંથી આવી ગઈ !? એટલા ઊંડાણથી અને એટલી બધી સૈદ્ધાંતિક રીતે સમજાવવાનો તેમનો પ્રયત્ન હોય એટલે સામાન્ય માણસ તો અસલ વાત જ ભૂલી જાય. પણ જેમ કહ્યું છે ને કે - જ્યોં કેલે કે પાત પાતમેં પાત ત્યોં આચાર્યોંકી બાત બાતમેં બાત. આમ, ડુંગળીનાં છોતરાંઓ જેમ એક પછી એક, એક પછી એક નીકળ્યા કરે તેમ આચાર્ય એક વાત સમજાવતા હોય એટલામાં જ બીજી વાત આવે, બીજી વાત સમજાવતા હોય એટલામાં જ કંઈક ત્રીજી વાત આવે. એ ત્રીજીને સમજાવવા માંડે ત્યાં કંઈક ચોથી આવે. તો, વાંચનાર કે સાંભળનાર બરાબર સાવધાન હોય તો જ તેને ખબર પડે કે આ ચોથી વાત એ તો પહેલી વાતને સમજાવવા માટે કહેવાઈ રહી છે. જો સાવધાન ન રહે એ વાંચતાં વાંચતાં જ ગોટાળે ચડી જાય. અસ્તુ.

તો આમ, સ્વપ્નોની વાતો ચાલી રહી છે. એમાં ઘણાં વર્ષો પહેલાંનું એક સ્વપ્ન પણ યાદ આવી રહ્યું છે. લગભગ ૧૯૮૨-૮૩ ની સાલની વાત છે. એ વખતે અમેરિકાના હોબોકેનમાં અમે શ્રી ગુરુપ્રેમભિક્ષુજીને ઘેર દશ મહિના માટે નિવાસ કરેલો. તે અરસાનાં અનેક સ્વપ્નો છે. તેમાં આ એક અત્યંત અલૌકિક, અત્યંત વિચિત્ર કહી શકાય એવું સ્વપ્ન આવેલું. એ સ્વપ્ન હતું પુત્રપ્રાપ્તિનું. પણ કોને પુત્રપ્રાપ્તિ? સ્ત્રીને નહીં પરંતુ પુરુષને પુત્રની પ્રાપ્તિ થઈ. કયા પુરુષને ? યોગભિક્ષુજીને (અમને). બહુ જ આશ્ચર્યકારક ઘટના છે ! જાણે મળદ્વાર અને લિંગઇન્દ્રિય ; એની વચ્ચેની જે શિવની નાડી રહી છે ત્યાંથી જ પુત્રનો પ્રસવ થયો. એ પુત્રના લગભગ પાંચ-છ ઈંચ જેટલા મોટા મોટા તો વાળ અને મોટું મોટું જબરદસ્ત ! હળવદના જે મકાનમાં અમે બા-બાપુજી સાથે રહેતા તેમાં આ પ્રસંગ બની રહ્યો છે - પુત્રપ્રાપ્તિનો. અમારી સામેના આંગણાંમાં બાપુજી સૂતા છે. થોડા સમય પછી તેઓ હાંફળાફાંફળા આંટા મારી રહ્યા છે. અમને પુત્રની પ્રાપ્તિ થઈ એટલે બાપુજીએ અંદર આવી એ પુત્રને તેડી લીધો. તેડી અને પછી રમાડવા લાગ્યા. રમાડતા જાય અને બોલતા જાય ''ધોધર બિલાડો ભાઈ...ધોધર બિલાડો!''.. ધોધર બિલાડો એટલે બહુ મોટા માથાવાળો મીંદડો હોય ને - એકદમ તંદુરસ્ત, પહેલવાન જેવો અને ડરામણો - એને ધોધર બિલાડો કહેવાય. આમ, એ પુત્ર એવો અલમસ્ત હતો એટલે બાપુજી બહુ ખુશ થતા'તા અને કહેતા જતા'તા કે ધોધર બિલાડો ભાઈ ધોધર બિલાડો. પછી અમારાં બા ત્યાં આવ્યાં. પણ પુત્રને જોઈને બા જાણે નારાજ થઈ ગયાં. એટલે બા સામે જોઈને અમે તેમને કહી રહ્યા છીએ કે ''કેમ ! નારાજ શું કામ થઈ ગયાં?

અમને પુત્રપ્રાપ્તિ થઈ એ શું તમને ન ગમ્યું ? તમારે સૌને તો કેટલાં બધાં બાળકો થાય છે અને અમારા એક બાળકમાં તમે નારાજ થઈ ગયાં, એ તમને ન ગમ્યું ?'' આમ અમે બાને જલીકટી સંભળાવી દીધી. આટલું સ્વપ્ન પતે છે ત્યારે આંખ ખૂલી જાય છે, અને આંખ ખૂલે છે ત્યારે આહાહા...! આશ્ચર્ય! આશ્ચર્ય!! આશ્ચર્ય !!! ઉપરોક્ત સ્વપ્નથી પાર્ટ મોટું આશ્ચર્ય કયું ? કે બરાબર શિવની નાડીની જગ્યાએ થોડું થોડું દુઃખે. ત્યાં હાથ લગાડીને જોયું કે ત્યાં કંઈ લાગ્યું છે કે શું થયું છે. પાર્ટ ના ! કશું જ નહીં !! તોપણ સહેજ સહેજ દુઃખે. પછી સ્વપ્નને ખૂબ ખૂબ યાદ કરવા લાગ્યા. અસ્તુ.

જે કાળમાં સાધના પૂરજોશમાં ચાલતી હતી તે વખતનાં સ્વપ્નોની પુષ્કળ નોંધપોથીઓ હતી. પછી તો એ નોંધો રાખીરાખીને થાક્યા. સ્વપ્નો પાર્ટ કેવા ? એક યાદ રાખીએ અને એક ભૂલીએ. એકએકથી ચડિયાતાં સ્વપ્નો અને દશ્યો અને અનુભવો થાય. તો તે વખતનું એક સ્વપ્ન અત્યારે યાદ આવી રહ્યું છે

બા તે વખતે ખૂબ નરમ તબિયતવાળાં હતાં. તેમના બેય હાથનાં દસે આંગળાં ખોટાં પડી ગયાં હતાં, વળતાં પાર્ટ નહોતાં. એ વખતે મોટાભાઈ મુંબઈ રહેતા. તેથી બાને હળવદથી મુંબઈ લાવ્યા અને મુંબઈથી અમે બંને ભાઈ બાને ઉરુલીકાંચન લઈ ગયા, કુદરતી ઉપચાર કરાવવા માટે. ત્યાં એમને રાખ્યાં અને કુદરતી ઉપચારથી બંને હાથનાં બધાં આંગળાં સારાં થઈ ગયેલાં. તો, બાનો જ્યારે ઉપચાર ચાલતો'તો ત્યારે અમે તેમની સાથે રહેલા. તે દરમ્યાન એક રાત્રે સાપનું સ્વપ્ન આવેલું. તે વખતે પ્રાણાયામનો ધમધોકાર અભ્યાસ ચાલતો હતો. એ દરમ્યાન સાપનાં અને ઊડવાનાં પુષ્કળ સ્વપ્નો આવે. ઊડતા હોઈએ, ઊડતા હોઈએ ; હિલોળા ખાતા ખાતા ઉપર આસમાનમાં ઊડતા હોઈએ અને નીચે સમુદ્ર છાલકો ખાતો હોય. તો જ્યારે અમેરિકા ગયા ત્યારે પ્લેનમાં બેઠા બેઠા એ આસમાની રંગે રંગાયેલા આકાશના, બરફાચ્છાદિત આકાશના સમુદ્રો જોયા. નીચે લહેરિયો ખાતા પાર્ટીના સમુદ્રો જોયા. એ વખતે પ્રાણાયામના અભ્યાસકાળનાં એ સ્વપ્નોની વાતો યાદ આવી. એ બધાં વર્ષો પહેલાંનાં સ્વપ્નો, ભરજુવાની સમયનાં. સ્વપ્નોમાં પાર્ટ સાપનાં અને ઊડવાનાં સ્વપ્નો વધુ આવે. સાપનાં સ્વપ્નોમાં પાર્ટ જ્યારે મરેલો સાપ જોવામાં આવે કે ટુકડા થઈ ગયેલો સાપ જોવામાં આવે ત્યારે લગભગ એવું બનતું કે ત્યાર પછીના બે-ચાર દિવસમાં જ કોઈ અશુભ સમાચાર સાંભળવા મળતા. આમ થતું જ એમ કહેવાનો મતલબ નથી પાર્ટ અમે નોંધ રાખેલી કે લગભગ આવું જ કાંઈક બનતું. વળી સાપ તો સાવ નાના નાના પાર્ટ દેખાય અને મોટા જબરદસ્તેય દેખાય. દુનિયાના આ છેડે એનું મોઢું હોય તો દુનિયાના પેલા છેડે એનું પૂંછડું હોય; એટલો મોટો સાપ દેખાય. અને ક્યારેક એવડો મોટો સાપ સડસડાટ કરતો ટૂંકો થઈ જાય. તો એ સાપનું સ્વપ્ન યાદ આવ્યું. આ સ્વપ્ન રાત્રે આવેલું કે બપોરે તે બરાબર યાદ નથી પાર્ટ બનતા સુધી રાત્રે જ આવેલું.

અમારાં બાની ઉરુલીકાંચનમાં સારવાર ચાલતી તે દરમ્યાન અમે ઉરુલીકાંચનમાં રોકાયેલા. ત્યાં પલંગમાં સૂતેલા ત્યારે સ્વપ્નમાં શું દેખાયું ? એક મોટો ડુંગર છે અને એને પગથિયાં છે. એ પગથિયાં ઉપર ચડતા ચડતા અમે ઉપર જઈ રહ્યા છીએ. અમને ઉપર ચડતા જોઈ નીચે ઊભેલા લોકો બૂમાબૂમ કરે છે કે ''એ ભાઈ ! એ મહારાજ ! ઉપર જશો નહીં, ઉપર મોટો ભય છે. ઉપર મોટો ફાર્ણીધર સાપ રહે છે. તે સાપ બહુ ઝેરી છે તેથી ઉપર જશો નહીં.'' આમ નીચેથી લોકોએ બહુ બૂમાબૂમ કરી, ખૂબ વિનંતીઓ કરી. પરંતુ અમે તો મનમાં એવા મગરૂર થઈને ઉપર ચડતા'તા કે આ લોકોને એટલી ખબર નહીં પડતી હોય કે સાપ અમને કંઈ કરતો નથી. ઉપર જતાં જતાં સાપ જોવા મળશે તો સાપનાં દર્શન કરીશું. સાપમાં વળી ડરવા જેવું શું છે ? એમ માનીને અમે ઉપર ચડી રહ્યા છીએ. નીચે જે લોકો બૂમાબૂમ કરતા હતા એ લોકો બિચારા અમને કોઈ ગાંડો માણસ કે બેભાન માણસ સમજીને શાંત થઈ ગયા. અમે ડુંગર ઉપર અમુક જગ્યાએ પહોંચ્યા ત્યાં સાપને જોયો. સાપ ધસમસતો અમારા ઉપર આવ્યો. એને આવતો જોયો એટલે અમને એમ થયું કે અરે ! આ તો આપણા ઉપર આવ્યો ! એટલે અમે

તરત જ પાછા વળ્યા અને ત્રાણ ત્રાણ પગથિયાં કૂદતા કૂદતા માંડ્યા નીચેની તરફ ભાગવા. આમ પગથિયાં કૂદતા કૂદતા અમે નીચે ઊતરવા લાગ્યા અને અમારી પાછળ સાપ. સાપ પાણ કેવો ! એય જબરદસ્ત લાંબો. સહેજ પાછું વળીને જોઈએ એટલે દેખાય. એ સળંગ પગથિયાં એટલે પગથિયાની જ્યાં ધાર આવે ત્યાં ઊંચો થયેલો હોય, જ્યાં ધાર આવે ત્યાં ઊંચો થયેલો હોય; એમને એમ સળંગ લાંબો સાપ દેખાય. પાણ એ સાપ ધીમેધીમે ટૂંકો થતો જાય, ટૂંકો થતો જાય. ઘાણે નીચે સુધી અમે આવી ગયા ત્યાં સુધીમાં તો એ સાવ ટૂંકો થઈ ગયો. કૂદકે અને ભૂસકે ભાગવાથી અમે હાંફી ગયા અને થાકી ગયા એટલે એકદમ ઊભા રહી અને પાછું વળીને જોયું કે સાપ ક્યાં છે. અરે ! સાપ તો સાવ નાનો - ત્રાણ-ચાર ઈંચનો થઈ ગયેલો. જ્યાં અમે એની સામે જોયું ત્યાં એ બેવડો વળીને છડિંગ દઈને કૂદ્યો! અને અમારી આગળની આંગળીનો જે મધ્ય ભાગ અને મધ્યભાગની જે ફૂગી ચામડી એના ઉપર ચોંટ્યો. અંગૂઠા પાસેની પહેલી આંગળી અને ત્યાર પછીની આંગળી કે જેને મધ્યમા કહેવાય ; એ બે વચ્ચેનો જે જોઈન્ટ રહ્યો, પાતળી ચામડીનો જે પડદો રહ્યો એના ઉપર આવીને સાપ ચોંટ્યો. એટલે અમે તો હાથને ઝાટકા ઉપર ઝાટકા, ઝાટકા ઉપર ઝાટકા મારવા માંડ્યા. આમ કેટલાય ઝાટકા માર્યા ત્યારે એ ઊખડીને ક્યાંય જઈને પડ્યો. પાણ એ ઝાટકા મારવામાં શરીરનું હલનચલન બહુ થયું એટલે એ લોખંડની સ્પ્રિંગના ખાટલામાં અમે જાગી ગયા. જાગીને એ સ્વપ્નને યાદ કરવા માટે જે સ્થિતિમાં હતા એ સ્થિતિમાં જ પડ્યા રહ્યા. અમે અનુભવ્યું કે સાપ જ્યાં ચોંટ્યો હતો ત્યાં જરા જરા બળે; જાણે કંઈક કરડ્યું હોય અને બળતરા થાય એવું બળે. અમે તો પહેલેથી જ આવી બધી બાબતોને અત્યંત સૂક્ષ્મતાથી, ચારે બાજુથી અવલોકીને જોવાનો પ્રયત્ન કરવાના સ્વભાવના. એટલે અમે વિચાર કર્યો કે આ સાપનું સ્વપ્ન પાણ આવ્યું છે, વળી જ્યાં સાપ ચોંટ્યો હતો ત્યાં બળી પાણ રહ્યું છે ; તો હકીકતમાં શું છે ? ત્યાં પલંગની કોઈ સ્પ્રિંગ વાગી હશે કે કોઈ જીવડું ચોંટીને કરડ્યું હશે ? તેથી સૂતા સૂતા જ અમે ખાતરી કરી લીધી કે પલંગની સ્પ્રિંગનો છેડો અડવાથી ત્યાં ખૂંચતું હોય એવું પાણ નહોતું કે કોઈ ઝીણું જીવજંતુ ચોંટીને કરડતું હોય એવું પાણ નહોતું. એમ પૂરી ખાતરી થઈ ગઈ પછી જ ત્યાંથી હાથ હટાવ્યો અને જોયું તો ત્યાં કોઈ ચિહ્ન પાણ નહોતું, પાણ સહેજ સહેજ બળતું હતું. તેથી અંગૂઠા ઉપર થૂંક લઈ તે જગ્યા ઉપર ચોળ્યું.

તો આમ, આવાં સ્વપ્નોની તો કેટલી વાતો કરીએ! એકમાંથી બીજું યાદ આવે ને બીજામાંથી ત્રીજું યાદ આવે ને ત્રીજામાંથી ચોથું યાદ આવે. વળી સ્વપ્નોમાંથી પાછા બીજા અનુભવોય યાદ આવે. એટલે અમને એમ થાય કે આવા અનુભવો જાણવા અને સાંભળવા તમે સૌ તલપાપડ થઈ જ રહ્યા છો ; તો તમને બહુ આનંદ થશે એમ માનીને અમુક અમુક અનુભવો અને સ્વપ્નો તમને જાણાવવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ.

ઊડવાનાં સ્વપ્નો પાણ કેટલાં બધાં અલૌકિક અને દિવ્ય હોય ! આંખ ઊઘડી જાય અને પછી એ સપનું જ્યારે અમે વાગોળતા હોઈએ, મમળાવતા હોઈએ, યાદ કરતા હોઈએ તે વખતે એ બધાં દશ્યોનું તાદશ્યપાણું થવાથી એવો મસ્તીભર્યો આનંદ ચડે કે આનંદમાં ઘેઘૂર થઈ જવાય, આનંદમાં મસ્ત થઈ જવાય. જ્યારે ભસ્ત્રિકા પ્રાણાયામનો ખૂબ સારો અભ્યાસ કરી અને પછી ધ્યાનમાં બેસીએ કે શવાસન કરીએ ત્યારે પાણ અવારનવાર એવાં ઊડવાનાં સ્વપ્નો આવે, એવાં ઊડવાનાં દશ્યો દેખાય કે આસનબધ્ધ સ્થિતિમાં જ અમે જાણે એમ ને એમ જ ઊપડીએ. શરીરનું ઉત્થાન થઈ જાય. જ્યાં આસન લગાવીને બેઠા હોઈએ ત્યાંથી આખેઆખું શરીર ઊપડે અને આસનબધ્ધ સ્થિતિમાં જ રૂમના ખૂણેખૂણામાં ફરે. જે રૂમમાં ધ્યાનમાં બેઠા હોઈએ એ રૂમમાંથી બહાર પાણ જાય, આકાશમાં પાણ જાય, પાતાળમાં પાણ જાય ; એમ ચારે બાજુ ફરતું હોય. ફરીફરીને વળી પાછું ઓરડામાં આવે. ઓરડામાં ચારે ખૂણામાં ફરે અને અનેક પ્રકારના અનુભવોના આનંદમાં મસ્ત થયેલું હોય. પાણ જ્યાં આંખ ખૂલે ત્યાં જે સ્થિતિમાં પહેલા બેઠા હતા એ સ્થિતિમાં જ હોઈએ. જ્યારે ઊડવાનો અનુભવ ચાલતો હોય ત્યારે તો સાચેસાચ જ એમ લાગે કે જાણે આપાણું શરીર

જે આસનમાં બેઠું હતું એ આસનમાં જ આખેઆખું ઊપડ્યું છે. જ્યાં સંપૂર્ણ જાગૃતાવસ્થામાં આવી જઈએ, કે જેને વ્યુત્થાન અવસ્થા પણ કહેવાય, ત્યારે પાછા ત્યાંને ત્યાં જ હોઈએ.

તો, અનુભવો ખરેખર થાય છે, કે એવો ભાસ થાય છે, કે અંદર સૂક્ષ્મ શરીરમાં કંઈ થાય છે તે ખબર પડે નહીં. ખૂબ અવલોકન કરવાની અમારી વૃત્તિ; ખૂબ અવલોકન કરવાનો અમારો સ્વભાવ એટલે ક્યારેક એમ પણ વિચારીએ કે જો ખરેખર જ શરીરનું ઉત્થાન થતું હોય તો શરીર ચારે બાજુ ફરીને જ્યારે પાછું આવે ત્યારે, પહેલાં જ્યાં બેઠા હતા એ જગ્યાને બદલે તેની સામેના ખૂણામાં શરીરને ઊતરવા દઈએ અને પછી આંખ ખોલીએ ત્યારે સામેના ખૂણામાં હોવા જોઈએ. પણ એવું બને નહીં. જે આસન ઉપર ધ્યાનમાં બેઠેલા હોઈએ, આંખ ખૂલે ત્યારે પાછા ત્યાં જ હોઈએ. એટલે એમ વિચાર થાય કે સાચેસાચ આસનસ્થ-શરીર ઊઠે છે તો ખરું, સામેના ખૂણામાં પણ જાય છે પણ જ્યાં આંખ ઊઘડવાની તૈયારી થાય છે ત્યારે શરીર ગમે ત્યાં ફરતું હોય ત્યાંથી પાછું આવીને આ મૃગચર્મ, ઊનનું આસન અને ગાદી બિછાવીને એના ઉપર બેઠેલું હતું ત્યાં જ પાછું આવી જાય છે. વર્ષો સુધી એમ ચાલ્યા કરે. તો, શરીર ઊઠે-ઊંચકાય છે કે નહીં તેની ખાતરી કેવી રીતે કરવી ? સંશોધનવૃત્તિ તો ખૂબ, એટલે અનેક પ્રકારે તે પ્રત્યક્ષ કરવાના કીમિયાઓ મગજમાં ચાલતા હોય. તો, મગજમાં એક કીમિયો એ આવે કે - આ જે મૃગચર્મ ઉપર અમે બેઠા છીએ એના આગળના છેડામાં એક સ્પ્રિંગ બાંધીએ અને એ સ્પ્રિંગ સાથે એક દોરી બાંધીએ. એ દોરીને બરાબર ખેંચીને સામેની દીવાલમાં જે ખીલી છે ત્યાં બાંધીએ. જેથી અમે જ્યારે મૃગચર્મ ઉપર બેઠા હોઈએ ત્યારે તો અમારા વજનના કારણે મૃગચર્મ એના સ્થાન ઉપર જ રહે, ખેંચાય નહીં. પરંતુ અમે જો મૃગચર્મ ઉપરથી અવકાશમાં ઊંચા થઈએ, ઊઠીએ તો એ મૃગચર્મ સામેની દીવાલ તરફ ખેંચાઈ જાય. તો, જો આ કીમિયો અજમાવીએ તો એ વાતની ખાતરી કરી શકાય કે સાચેસાચ જ આસનસ્થ શરીર અવકાશમાં ઊંચકાય છે કે નહીં ? આમ, વર્ષો સુધી એવા વિચારો અને ચિંતનમનન ચાલ્યા કરેલાં પણ પ્રત્યક્ષ એકેય વખત એવું કરેલું નહીં. કારણકે એવો અનુભવ ક્યારે થશે એનું પણ કંઈ નક્કી નહીં. જો નક્કી જ હોય કે આ પ્રમાણે થશે તો તો આપણે એક માણસને પણ સામે બેસાડીએ. પણ માણસ સામે બેઠો હોય ત્યારે એ અનુભવ થાય જ નહીં. અસ્તુ.

શવાસનની સ્થિતિમાં પણ અવારનવાર અનુભવો થતા. શવાસનની સ્થિતિમાં જ શરીર ઊંચકાય. સડસડાટ કરતું આકાશમાં ઘણે ઊંચે સુધી જાય અને પછી તોપના ગોળાની જેમ આગળ ગતિ કરવા લાગે. આજુબાજુનાં દશ્યો ભયંકર ગતિથી પસાર થતાં દેખાય, કાનમાં સૂ...સૂ...સૂ...સૂ... એવો અવાજ પણ સંભળાય. ખૂબ આનંદ સાથે બધું અવલોકાતું હોય. ભયંકર ગતિના કારણે ક્યારેક ડર પણ લાગી જાય. ડર જો વધુ લાગી જાય તો જાગૃત (વ્યુત્થાન) અવસ્થા આવી જાય. એ વખતે શરીર શવાસનમાં જ પડ્યું હોય. ક્યારેક શરીર ગોળગોળ ફરતું હોય એમ લાગે. આડું ગોળગોળ ફરે, ઊભું ગોળગોળ ફરે. આવા બધા દિવ્ય, અલૌકિક અનુભવોમાંથી પસાર થતા હોઈએ ત્યારે એવો ડર પણ લાગ્યા કરે કે હમણાં જાગી જવાશે; અને તો આવા ભવ્ય અનુભવોમાં વિક્ષેપ પડશે. અસ્તુ.

તો આમ, સ્વપ્નોના અનુભવો, સાધનાકાળના અનુભવો, પૂર્વજીવનના અનુભવો, બચપણના અનુભવો વગેરેમાંથી થોડા થોડા યાદ આવતા જાય છે. જે વખતે અનુભવો થયેલા હોય તે વખતે જ જો આ બધું નોંધી લેવામાં આવ્યું હોય તો વધુ સ્પષ્ટતાથી રજૂ કરી શકાય. પણ આ તો અગત્યના મુદ્દાઓ મગજમાં અને હૃદયમાં બરાબર ચોંટી ગયેલા હોય, એનું તારતમ્ય મેળવી શકાય એટલા પ્રમાણમાં રજૂ થતા હોય છે. તો, ભગવાનની દયાથી આજે આ બધી વાતો ટેપ થઈ રહી છે. નૈષધભાઈ ખૂબ પક્કા ખાતા હોય છે, અમારી જીવનગાથાની કેસેટો લેવા ; એ અમે જાણતા હોઈએ છીએ. પણ નરમગરમ તબિયતના કારણે પૂરો ઉત્સાહ થતો નથી ; સૂતા પડ્યા હોઈએ કે આધાપાછા થતા હોઈએ પણ બોલવાનો ઉત્સાહ થાય નહીં. પણ આ

ગરમીની શરૂઆત થઈ ગઈ એટલે ગેસમાં સહેજ સહેજ રાહત થવા લાગી અને તેથી જ આટલું ટેપ થઈ શક્યું. ખૂબ ગરમી પડે એટલે એકદમ સૂકી હવા થઈ જાય, ભેજમાત્ર ઓછો થઈ જાય. એના કારણે ગેસમાં પાણ રાહત થાય. તો ભગવાનની, પરમ કૃપાળુ પરમાત્માની દયાથી જે કાંઈ થઈ રહ્યું છે અને થશે એ બધું એમને જ અર્પણ છે. આપણે સૌ વાંચી, સાંભળી, કહી અને આનંદ મેળવીએ, પ્રેરણા મેળવીએ અને એમાંથી જે કાંઈ આપણા જીવનમાં ઉતારાય એટલું ઉતારીએ અને અનેકોને મદદગાર અને પ્રેરણાદાયી થઈએ. અસ્તુ.

આમ, અમારે તો સ્વપ્નો દ્વારા જ બધું થઈ ગયું, સ્વપ્નો દ્વારા જ બધા અનુભવો થઈ ગયા. પરણવાનો અનુભવ અને પુત્રપ્રાપ્તિનો અનુભવ અને સંન્યાસનો અનુભવ; એ બધા જ અનુભવો અમે તો સ્વપ્નો દ્વારા જ લઈ લીધા, પરમાત્માએ એ બધા અનુભવો સ્વપ્નો દ્વારા જ કરાવી દીધા. મનનું સમાધાન કરવું હોય તો પૂરેપુરું કરી શકાય કે : પરમાત્મા આપણા ઉપર ખૂબ કૃપા કરી રહ્યા છે અને એમણે જે સાક્ષાત્ અનુભવો સ્થૂળ જીવનમાં કરવાના હોય એ અનુભવો સ્વપ્નોમાં, સૂક્ષ્મ જીવનમાં કરાવી અને પાર કરી દીધા. આ રીતે કર્મ-ક્ષય થઈ ગયો. અસ્તુ.

એક અલૌકિક સ્વપ્ન

(તા. ૭-૨-૯૮ સવારે ૬-૫૫)

અમારી આંખ ઊઘડી ગઈ ત્યારે અમે જ પાણ પડખે સૂતા હતા. દશ-પંદર મિનિટ સૂતાં સૂતાં જ આવેલા અલૌકિક સ્વપ્નને વાગોળતા રહ્યા. જે આ મુજબ હતું -

એક મોટું જબરદસ્ત મેદાન છે. તેમાં ઘણાં બધાં મંદિરો છે. એક મંદિર સ્વામીનારાયણ સંપ્રદાયનું પણ છે. સાથેની ત્રણ-ચાર વ્યક્તિઓ સાથે અમે મંદિરમાં દર્શન કરવા ગયા. અંદર બધું ખૂબ કળા-કારીગરીથી શણગારેલું હતું. અમે બધા ફરીફરીને એ બધું જોઈ રહ્યા હતા. એક ઘણાં બધાં પગથિયાંવાળું સ્થાન જોયું. તેના ઉપરના ભાગમાં ઘણી બધી કારીગરી કરેલી હતી. અમે નીચે ઊભા ઊભા ઉપરનાં પગથિયાં ઉપર ગોઠવેલી બધી કારીગરી જોઈ રહ્યા હતા. ત્યાં જ ઉપરના પગથિયેથી બાળ-સ્વરૂપે સ્વામીનારાયણ ભગવાનને ભાંખોડિયાં ભરીને અમારી તરફ નીચે ઊતરતા જોયા. હું સાથેની વ્યક્તિઓને તેમની ઓળખ આપીને કહી રહ્યો છું કે જુઓ, તેઓ જ સ્વામીનારાયણ ભગવાન છે. એમ કહીને હું ઉપર દોડ્યો, તેઓ નીચે ઊતરતા હતા; મારે તેમનો ચરણસ્પર્શ કરવો હતો. સ્પર્શ થશે કે કેમ, થશે કે કેમ એ શંકામાં હું ઉપરની તરફ વધી રહ્યો હતો. છેવટે સ્પર્શ કર્યો જ.

પછી સ્વપ્નમાં જ જાગી ગયો. તે વખતે હીબકાં ભરીભરીને ખૂબ રોતો હતો. અને 'બા-બા' કરતો હતો. મારાથી થોડે દૂર બાપુજી સૂતા હતા. તેઓ પૂછવા લાગ્યા કે, 'શું છે બેટા ?' હું ખૂબ હીબકાં ભરીને રોતો હતો, મારાથી બોલાતું નહોતું. પછી બા આવ્યાં. મેં ઓઢેલું ગોદડું (એ વખતે સાચે જ ગોદડું ઓઢેલું હતું એ) મારા મોઢા પરથી ખસેડવા અને મને બોલાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. પણ મારાથી બોલી શકાતું નહોતું. પછી સાચે જ જાગી જવાયું. દર્શન થયાના કારણે હરખનો તો કોઈ પાર નહોતો. દશ-પંદર મિનિટ પડ્યા પડ્યા એ બધું યાદ કર્યું અને પછી ઊઠીને અતિ સંક્ષિપ્તમાં લખી લીધું.

સ્વપ્ન પૂર્વે સૂતા સૂતા નાદાનુસંધાનનો અભ્યાસ ચાલુ હતો. તે રાત્રે કલ્યાણના યોગાંકમાં સ્વામીનારાયણ સંપ્રદાયનો લેખ વાંચ્યો હતો, જેમાં તેમણે બતાવેલી ધ્યાનપદ્ધતિનું વર્ણન પણ હતું. અસ્તુ.

પ્રેરણાદાયી પત્રાંશો

ઓમ્‌પરિવારના ઉપક્રમે તા. ૨૮-૧૨-૯૭ને રવિવારના રોજ, 'ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર' નિમિત્તેનો ''૧૮ મો ઓમ્‌કાર મજારોહણ મહોત્સવ તથા ભિક્ષુબોધોત્સવ'' ઊજવાયો. તે જ દિવસે શ્રી જયાનંદભાઈના બે પુત્રો ચિ. ભાવેશ તથા ચિ. મનીષનાં લગ્ન પણ, પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના આશીર્વાદથી યોજાયાં. ઓમ્‌પરિવારના ઉપક્રમે ઉપરોક્ત કાર્યક્રમો પલિયડ (વેડા) મુકામે ડૉક્ટર સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીના ખેતરમાં યોજાયા, કે જ્યાં આજથી ઓગણીસ વર્ષ પહેલાં ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર થયેલી.

પલિયડ મુકામે ઓમ્‌પરિવારના આ વાર્ષિક કાર્યક્રમમાં અનેક બટુકોને યજ્ઞોપવિત-સંસ્કાર અપાયેલા તથા ચૌલ-સંસ્કાર પણ થયેલા. પરંતુ લગ્નનો પ્રસંગ પ્રથમ વખત ઊજવાઈ રહ્યો હતો. ઓમ્‌પરિવારના કાર્યક્રમમાં લગ્ન-પ્રસંગ યોજાય તેવી શ્રી જયાનંદભાઈની હાર્દિક ઇચ્છા. તેથી બંને વેવાઈઓને સાથે રાખી તેઓએ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની આજ્ઞા માગી. પૂજ્યશ્રીએ સહર્ષ સંમતિ તો આપી પરંતુ સાહજિક રીતે જ પૂછ્યું કે મુહૂર્ત તો જોયું છે ને? જયાનંદભાઈ કહે, 'બાપુ ! આમ તો એ દિવસે કમુરતાં છે પરંતુ મારી ઇચ્છા તો તે જ દિવસે અને તે જ સ્થળે લગ્ન-પ્રસંગ યોજવાની છે.' આ વાત સાંભળી પૂજ્યશ્રીએ કહ્યું કે, ''તમારો ઉત્સાહ અને સમજણ જોઈને અમને ખૂબ આનંદ થાય છે પરંતુ લગ્ન એ વ્યાવહારિક પ્રસંગ છે, તેથી સામેના પક્ષનો પણ આપણે વિચાર કરવો જોઈએ. 'કમુરતાં સમયે લગ્ન યોજાય ?' તેવી સહેજ પણ શંકા મનમાં રહેવી ન જોઈએ. તમે સૌ થોડા સમય માટે વિચારવિમર્શ કરી જુઓ અને ત્યાર બાદ નિર્ણય લો.'' પૂજ્યશ્રી તો આટલું બોલી થોડા સમય માટે ધ્યાનસ્થ થઈ ગયા. થોડા સમય બાદ તેઓશ્રીની આંખો ખૂલી અને સૌને ઉદ્દેશીને તેઓની વાણીગંગા વહેવા લાગી.

''મનુષ્યજીવનના મોટામાં મોટા અને અતિ મહત્ત્વના પ્રસંગો બેઃ (૧) જન્મ અને (૨) મૃત્યુ. આવા બે મહાન પ્રસંગો પણ ચોઘડિયું, મુહૂર્ત, વીંછુડો, કમુરતાં, કાલસર્પ યોગ, તિથિ, વાર કે પક્ષ આદિ કાંઈ જ જોવા રોકાતા નથી, તો પછી એ બંનેની વચ્ચેનો ગાળો - જીવન, તેમાં મુહૂર્ત-કમુહૂર્ત એ બધાંને મહત્ત્વ શા માટે આપવું ? પરમ કૃપાળુ પરમાત્મામાંથી શ્રદ્ધા છોડીને તે બધી ભ્રમણાઓને વશ શા માટે થવું ? કાલસર્પ યોગમાં આપણે ત્યાં બાળક જન્મે છે તો શું આપણે તેને નાખી દઈએ છીએ ? અથવા તે શું મરી જાય છે ? કાલસર્પ યોગના દિવસે પણ બસો, ટ્રેનો, પ્લેનો વગેરે બધાં જ પોતપોતાની ફરજો નિયમિત બજાવે છે. એકેયને અકસ્માત નડતો નથી. એથી ઊલટું - એવા પણ સમાચારો અવારનવાર સાંભળીએ છીએ કે ''અમુક મંદિરની ખાતમુહૂર્ત-વિધિ વખતે ભેખડ ધસી પડવાથી પૂજન કરવાવાળા દટાઈને મરી ગયા.'' એ સૌએ કાંઈ મૂરત જોવડાવવામાં કચાશ રાખી હોય છે? ના.

''પરમાત્મા ઉપરની શ્રદ્ધામાં મક્કમ થઈને સર્વ પ્રકારની ભ્રમણાઓમાંથી શીઘ્ર મુક્ત થઈ જઈએ, તો જ ગુરુસંતો સાથેનો સંપર્ક સફળ થયો કહેવાય અને તો જ સાચી સમજણ પ્રાપ્ત કરી કહેવાય. અસ્તુ.

''પરમાત્મા પાસે એવી કૃપાની માંગણી કરીએ કે એમણે જે કૃપા કરી છે તેને આપણે બરાબર સમજીએ, ઓળખીએ, અનુભવીએ અને માણીએ. જો આપણને મળેલાં સુખસગવડને આપણે સુખસગવડ તરીકે ઓળખી જ નહીં શકીએ તો આપણને કોઈ જ સુખી નહીં કરી શકે. દરેક સુખસગવડ સાપેક્ષ છે. દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે તેની વ્યાખ્યા પરિવર્તન પામતી જ રહે છે.

''કુદરત ખૂબ કરુણામયી છે. તેની વ્યવસ્થા સૌ માટે સુખની જ હોય છે. આપણી વ્યાખ્યા પ્રમાણેનું સુખ આપણને પ્રાપ્ત ન થાય ત્યારે આપણે તેને દુઃખ કહીએ

છીએ. પણ કુદરતે તો (આપણી દૃષ્ટિએ) પ્રતિકૂળ પરિસ્થિતિ પણ આપણા કલ્યાણ માટે જ સર્જી હોય છે. મા પોતાના બાળકની પેટપીડ મટાડવા તેને કડવું ઓસડ પિવડાવે છે ત્યારે બાળકને મા દુશ્મન જેવી લાગે છે. પણ તેમાં પણ માની કરુણા જ સમાયેલી હોય છે. તેમ, કુદરત પણ અનુકૂળતા કે પ્રતિકૂળતા, તેને જે ઠીક લાગે તે, વરસાવીને જીવનું કલ્યાણ જ કરતી હોય છે. પણ જીવ પોતાની અજ્ઞાનમયી માન્યતા દ્વારા દુઃખી-સુખી થતો હોય છે.

''આ બધી અતિ સૂક્ષ્મ સમજણની વાતો 'વેદાંત' છે. 'વેદ' એટલે જાણવું અને જાણવાનો જ્યાં અંત આવી જાય તે વેદાંત. તેમ જીવન અને જીવનના અંત ભાગમાં, જીવનના નિચોડરૂપે જે રજૂ થયેલું તે જ જીવનાંત અર્થાત્ વેદાંત.

''જન્મ, મૃત્યુ, બચપણ, જુવાની, બુઢાપો એ તો કુદરતનો ક્રમ છે અને લાભ-હાનિ, યશ-અપયશ, સુખ-દુઃખ, પાપ-પુણ્ય, હર્ષ-શોક વગેરે બધાં, જીવમાત્ર માટે જીવનનો ક્રમ છે. આ તથ્યને-સત્યને યથાયોગ્યપણે સમજવાનો ભરપૂર પ્રયત્ન થવો ઘટે. અસ્તુ.''

પૂજ્યશ્રીની ઉપરોક્ત વાતો સાંભળી શ્રી જ્યાનંદભાઈ અને તેમના વેવાઈપક્ષે દૃઢ નિશ્ચય કરી લીધો કે લગ્નપ્રસંગ ઓમ્‌પરિવારના કાર્યક્રમ સાથે જ ઊજવાશે. ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીએ પૂજ્યશ્રીની વાતોને આમંત્રણપત્રિકામાં છપાવી. આમંત્રણપત્રિકા વાંચી અનેક મહાનુભાવોના પત્રો આવ્યા. થોડા પત્રોના અંશો અહીં રજૂ કરીએ છીએ.

(૧) પરમ પૂજ્ય, પૂજ્યપાદ,
સંત શ્રી મુકુટમણી, શ્રી યોગભિક્ષુજીના
પવિત્ર ચરણ-કમળમાં.
આપના તરફથી પત્રિકા મળી.....
ઉપરોક્ત સત્‌સાહિત્ય પત્રિકામાં -

(A) પૂજ્ય ગુરુદેવનું સ્વરૂપ (છબી) જોઈને ઓટોમેટિક તેમના દેહસ્વરૂપનું ધ્યાન લાગી જાય છે !!!

(B) આપણા આજના સમાજમાં પરંપરાગત જે વહેમો, ધર્મના અને જ્યોતિષના નામે જે પલાયનવાદ, પ્રમાદ, પ્રવૃત્તિહીન વૃત્તિઓ આજના વર્ગમાં ઘૂસી જવાથી આજનો સમાજ જડવત્ થઈ ગયો છે. તેવા જડવત્ સમાજને. ચેતનવંતો કરવા માટે આપણી વચ્ચે વિવેકાનંદના બીજા અવતાર એવા પૂજ્યપાદ યોગભિક્ષુજી દરેક રીતે ઢંઢોળીને જાગૃત કરી રહ્યા છે!!

પત્રિકાના લેખોમાં ઘણું ઘણું સુંદર, ગુહ્ય; કોઈપણ જગ્યાએ વાંચેલું ના હોય, સાંભળેલું ના હોય તેવું જ્ઞાન સાદી અને સરળ ભાષામાં અને વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે રજૂ થયું છે. આવું શીરાની જેમ ગળે ઊતરે એવું તત્ત્વજ્ઞાન આપણને કોણ પીરસી શકે ? તેઓ જ કે જેઓએ પોતાના આત્માનો પરમાત્મા સાથે યોગ કરી દીધો હોય. આવા બ્રહ્મવેત્તા પુરુષો મારફતે જ પરમ તત્ત્વ આવી જ્ઞાનની વાતો બોલાવી રહ્યું હોય છે. પરમ કૃપાળુ પરમાત્મા આપણને સીને તેઓ દ્વારા રજૂ કરાયેલાં આવાં ગુહ્ય રહસ્યોને પચાવવાની શક્તિ આપે.

જોશીઓના, ભૂત-ભુવાના, વહેમોના, પલાયનવાદના જડવાદમાંથી ઉઠાડીને ; અમોને ઉપરોક્ત રહસ્ય પચાવીને - અમારા સૌનું મનુષ્યજીવન દેવલોકોને ઈર્ષા ઊપજે તેવું બનાવો, તેવી અમે આપના ગુરુભક્તો આપને યાચના કરીએ છીએ.

આજના યુગના દેશવિદેશના નેતાઓ અબજો રૂપિયા ખર્ચીને ઉપરોક્ત પત્રિકાનું શિક્ષણ, સાચી સમજ આપીને સમાજને ઉઠાડવાને બદલે ઊંઘાડવાનો (ટીવી મારફત) પ્રચાર કરી રહ્યા છે. જ્યારે આપણા પૂજ્ય ગુરુદેવ યોગભિક્ષુજી વેદાંતનાં ગૂઢ રહસ્યો સાદી અને સરળ ભાષામાં આપીને, આપણને પ્રેમથી સુંદર યાત્રા કરાવીને, સુંદર સુંદર ભોજન કરાવીને, વહાલથી સાચી સમજ આપીને આપણને ભર નીંદરમાંથી જગાડીને આપણું ઉત્થાન કરી રહ્યા છે.

આપણા સૌ ગુરુભક્તોને પૂર્વ જન્મના કોઈ પુણ્ય પ્રતાપથી આવા મહાન સંત - મુકુટમણી યોગભિક્ષુજી જેવા સંત મળ્યા છે ! અને તે અર્થમાં આપણે સૌ નસીબદાર છીએ.

હવે તો, તેમાણે રજૂ કરેલા રહસ્યોને, અનુભવને પચાવીને આપણે વધુ નજીકદાર બનવું છે - તેવી તેઓને યાચના કરીએ છીએ.

લિ. ધીરૂભાઈ સરૈયાના
જય નારાયણ

(૨).....૧૯૯૮ના ઓમ્પરિવારના ઉત્સવનું કાર્ડ મળ્યું.

બાપુ! તમને વારંવાર યાદ કરું છે. આગળ વધવું છે. તમારી સાથે થોડા દિવસ રહેવાનું થાય તો સારું એવી ઈચ્છા છે. આ વિચાર ચાર મહિનાથી આવે છે. ક્યારે આ વિચાર સાકાર થશે એ ખબર નથી. તમારી ગાઈડન્સ (માર્ગદર્શન) નીચે જો સાધના કરવામાં આવે તો મારા પોતાના સ્વભાવમાં, સંસ્કારમાં પરિવર્તન ઝડપથી થાય એમ મારું માનવું છે. તમે આ માટે શું કહો છો ? પહેલાં તો ક્યાં અવાય અને આવીને ક્યાં રહેવાય ? બીજું, આવવું તો ક્યારે આવવું ?

સાક્ષાત્કાર થયેલા સંત સાથે રહેવાથી પ્રકૃતિનું રૂપાંતર જલદી થાય એવી મારી માન્યતા છે. તમને પાછો એવો પ્રેમ છે. કદાચ આ ગાંડાની માફક બકવાટ તો નથી ને? ઘણી વખત પ્રભુની ઈચ્છા સમજાતી નથી. જે વિચાર આવો આવ્યો તો એની પ્રેરણાથી જ આવ્યો ને ?

મને કંઈ બહુ સમજાણ નથી. પણ પ્રભુનો સાક્ષાત્કાર કરવો છે એ લક્ષ્યની ખબર છે, અને પ્રકૃતિના રૂપાંતર વગર એ થાય નહીં. તમે જેમ કહેશો તેમ કરીશ.

જય નારાયણ.

ત્રિચીથી લિ. વિભૂતિના
ભાવભર્યા હરિ ૐ

(૩) પરમ આદરણીય, ધર્મમેઘ નિવાસી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વતંત્ર, સ્વતંત્ર, પરમકારુણિક ઓમ્ગુરુ શ્રી યોગભિક્ષુજી મહારાજ.

...આપશ્રી જેવા ભવતારક સમર્થ સદ્‌ગુરુની આપશ્રીના શિષ્યગણને પ્રાપ્તિ થઈ છે એ એમનું સદ્‌ભાગ્ય છે. મંદભાગી અને મંદપુરુષ-પ્રયત્નવાળા શિષ્યગણ આપશ્રીનું માહાત્મ્ય લેશ પણ સમજી શક્યા ન હોય તો તે તેમનું દુર્ભાગ્ય છે. આપશ્રીનાં વચનોમાં આરૂઢ શ્રદ્ધા હોવી જોઈએ. આપનું હૃદય પરમાર્થનાં સાધનો સાધવામાં ઉત્સાહવાળું છે. આપે અંતઃકરણની બહિર્મુખ વૃત્તિઓ દૂર કરી તેને અંતર્મુખ કરી છે. આપ ગુરુમુખી છો, ક્ષમા-સાગર છો, દયાનિધિ છો, પરમ ઉદાર છો.

શ્રી સદ્‌ગુરુના અંતઃકરણનો અભિપ્રાય સમજી પ્રેમપૂર્વક તુરત તે પ્રમાણે વર્તે તે ઉત્તમ બુદ્ધિવાળા શિષ્યનું લક્ષણ છે. તેમણે સાનમાં જણાવેલો અભિપ્રાય સમજી પ્રીતિપૂર્વક બની શકે તેટલું તે પ્રમાણે વર્તવું તે મધ્યમ બુદ્ધિવાળા શિષ્યનું લક્ષણ છે. અને તેઓએ સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કર્યા પછી પણ પ્રેમ વિના દીર્ઘકાલે તે આજ્ઞા પ્રમાણે વર્તવું તે કનિષ્ઠ બુદ્ધિવાળા શિષ્યનું લક્ષણ છે. આ પ્રમાણે સમજીને શિષ્યવર્ગે આવા શુભ પ્રસંગોએ આચરણમાં મૂકવા પ્રતિજ્ઞા કરવી જોઈએ...

આપશ્રીનો પ્રેમપૂજારી,
ગુરુબંદા શામળાજીના વંદન સાથ
જય નારાયણ - જય સીતારામ.

(૪) પૂ. શ્રી યોગભિક્ષુજી મહારાજ
તથા ધર્મપ્રેમી ભાઈ-બહેનો.

આપના તરફથી ધજારોહણ મહોત્સવ તથા ભિક્ષુબોધોત્સવના ધાર્મિક પ્રસંગની આમંત્રણ પત્રિકા મળી. વાંચી આનંદ થયો. આપ સૌ અવારનવાર જીવન ઉન્નત થાય અને રાગ, દ્વેષ, કામ, ક્રોધ જેવા દુર્ગુણોથી મુક્ત રહેવાય તે માટે પૂ. યોગભિક્ષુજી જેવા વિચારક સંતનો સત્સંગ રાખો છો તેથી આનંદ થાય છે.....

તમારા આ શુભ કાર્યને મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું. તમો સૌ કોઈ વાર અહીં ચિંચણી મહાવીરનગરમાં પધારો એવી વિનંતી કરું છું.

મણિભાઈના પ્રભુસ્મરણ.
મુનિશ્રી સંતબાલજી - મહાવીરનગર,
આંતરરાષ્ટ્રિય કેન્દ્ર, મુ. પો. ચિંચણી.

(૫) પૂ. યોગભિક્ષુજી મહારાજની સેવામાં.

આપના તરફથી ૧૯મા ઓમ્‌કાર ધજારોહણ મહોત્સવનું આમંત્રણ મળ્યું.

શુભ અવસર પર યાદ કરવા બદલ આભાર. મહોત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થાય તથા વિશ્વમાં આવી પ્રવૃત્તિ દ્વારા આધ્યાત્મિક જાગૃતિ વધે તેવી શુભેચ્છા અને ભગવાન તથા સંતોના ચરણોમાં પ્રાર્થના.

સાધુ સ્વયંપ્રકાશદાસ (ડૉ. સ્વામી)ના
જય નારાયણ - જય ઓમ્‌ગુરુદેવ
જય સ્વામીનારાયણ

(૬) સંત રત્ન શ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી.

આપના તરફથી શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે ૧૯ મો ઓમ્‌કાર ધજારોહણ મહોત્સવ તથા ભિક્ષુબોધોત્સવની મંગલ પત્રિકા મળી. આ પ્રસંગ અર્થે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

જય જડેશ્વર.

મહંત શ્રી જડેશ્વર મહાદેવ સંસ્થા
રવિપ્રકાશજીના
શુભાશીર્વાદ

ઓ. પ્રે. પ. ટ્રસ્ટને માધ્યમ બનાવી પ્રોજેક્ટ-લાયબ્રેરી અંતર્ગત પુસ્તકાલયોને સ્પોન્સર કરનારાઓની યાદી

ક્રમાંક	નામ	પુસ્તકાલયોની સંખ્યા
૧)	સ્વ. શ્રી નરસીંહભાઈ પી. પટેલ	૨૦
૨)	જદવ ટ્રેક્ટર્સ	૨૦
૩)	કલોલ નાગરિક સહકારી બેંક લિ.	૧૨
૪)	શ્રી જી. સી. દક્ષિણી	૧૦
૫)	શ્રી ઘનશ્યામ રાઠૌર	૧૦
૬)	માણેકભાઈ એન્ડ બ્રધર્સ	૧૦
૭)	સુરજ સ્પાઈસીસ લિ.	૧૦
૮)	સન ટ્રાવેલ્સ	૧૦
૯)	ટીબરેવાલ ગ્લોબલ ફાઈનાન્સ લિ.	૧૦
૧૦)	અંકિત એન્ટરપ્રાઈસ	૧૦
૧૧)	એમ. એ. પટેલ એન્ડ કું.	૧૦
૧૨)	ડૉ. શ્રી સોમાભાઈ એ. પટેલ	૧૦
૧૩)	શ્રી સુધીર એસ. મહેતા	૧૦
૧૪)	સર્વોદય કોમર્શિયલ કો. ઓ. બેંક લિ.	૮
૧૫)	શ્રી ડાહ્યાભાઈ અંબાલાલ શ્રીમાળી	૭
૧૬)	મયૂર ઓટોમોબાઈલ્સ	૫
૧૭)	શ્રી શેખરભાઈ પટેલ	૪
૧૮)	મે. સોમાભાઈ પટેલ એન્ડ એસોસિએટસ	૪
૧૯)	શ્રી ગુણવંત એન. મકવાણા	૪
૨૦)	શ્રી કે. ડી. મડિયા	૨
૨૧)	શ્રી સુરેશકુમાર આઈ. જોશી	૧
૨૨)	શ્રી વિપુલ ડી. યાજ્ઞિક	૧
૨૩)	શ્રી ડાહ્યાલાલ વી. શ્રીમાળી	૧
૨૪)	શ્રી રમેશ દેવશંકર પંડ્યા	૧

પ્રોજેક્ટ-લાયબ્રેરી હેઠળ આવરી લેવાયેલ પુસ્તકાલયોની યાદી (ગતાંકથી ચાલુ)

૨૧૩૪ શ્રી પાટીદાર સમાજ
૨૧, આર, એન, મુખરજી રોડ,
કલકત્તા-૧. પશ્ચિમ બંગાળ
(ગુજરાતના પાટીદાર સમાજ માટે)

૨૧૩૫ શ્રી ગુજરાતી સમાજ
વસંત જ્વેલર્સ, ૫૮, શહીદ રોડ,
ગયા, ટે.ન.:૧૩૬૦, બિહાર.

૨૧૩૬ શ્રી ગુજરાતી ધર્મશાળા
મહેંદી બાગ, બિહાર.

૨૧૩૭ શ્રી ગુજરાતી સનાતન સમાજ
ખરકાઈ લીંક રોડ, બિસ્ટુપુર,
જમશેદપુર-૮૩૧૦૦૧.
ટે. ન.: ૨૭૦૭૧, બિહાર.

૨૧૩૮ શ્રી પટના ગુજરાતી સમાજ

આબેધીન હાઉસ, ફીનર હાઉસ,
રેજીઆ સ્ટેશન પાસે,
પટના-૧, બિહાર.

૨૧૩૯ શ્રી રાંચી ગુજરાતી સમાજ
એચ. કે. ગુજરાતી વિદ્યાલય,
લાલજી હીરજી રોડ,
પો. રાંચી-૮૩૪૦૦૪, બિહાર.

૨૧૪૦ શ્રી પાટીદાર ગુજરાતી સમાજ
શારદા સોનસલી, લાલપુર ચોક,
સરક્યુલર રોડ, રાંચી-૧, બિહાર.

૨૧૪૧ શ્રી ગુજરાતી સમાજ
નાસિયા રોડ, સંયોગિતા ગંદ,
ઈન્દોર-૪૫૦૦૨૧, મધ્યપ્રદેશ.

૨૧૪૨ શ્રી રાવજીભાઈ રામજી કોન્ટ્રાક્ટર
ગુજરાતી અતિથિગૃહ
મહામણી રોડ, શાસ્ત્રી ચોક પાસે,
ઈન્દોર. મધ્યપ્રદેશ.

૨૧૪૩ શ્રી ગુજરાતી સમાજ
ન્યુ રોડ, અવંતી કાર્યાલય,
તિલક માર્ગ, ઉજ્જૈન.
ટે.નં.: ૧૨૫૪, મધ્યપ્રદેશ.

૨૧૪૪ શ્રી પ્રાગમલ જેઠાભાઈ વીરજી
યાત્રીગૃહ, ન્યુ રોડ, ઉજ્જૈન,
મધ્યપ્રદેશ.

૨૧૪૫ શ્રી ગુજરાતી સમાજ
૩૬, શ્રી ગુજરાતી શિક્ષા
સંઘભવન, કે. કે. રોડ,
રાયપુર-૪૯૨૦૦૧.

૨૧૪૬ શ્રી ગુજરાતી સમાજ
મઠાતાલ, જબલપુર, મધ્યપ્રદેશ.

૨૧૪૭ શ્રી ભોપાલ ગુજરાતી સમાજ
મેઈન રોડ, ભોપાલ, મધ્યપ્રદેશ.

૨૧૪૮ શ્રી ગુજરાતી સમાજ
મેઈન રોડ, ગ્વાલીયર, મધ્યપ્રદેશ.

૨૧૪૯ શ્રી ગુજરાતી સમાજ
ન્યુરોડ, રતલામ-૧, મધ્યપ્રદેશ.

૨૧૫૦ ગુજરાતી સમાજ
ટીકારા પારા,
બિલાસપુર, મધ્યપ્રદેશ.

૨૧૫૧ ગુજરાત પટેલ સમાજ
ક્ષિપ્રા કિનારે, રામજી મંદિર,
ઉજ્જૈન, મધ્યપ્રદેશ.

૨૧૫૨ શ્રી તપોવન બ્રહ્મચર્ય આશ્રમ
પંચવટી, આગ્રા રોડ,
નાસિક- ૪૨૨૦૦૩,
ટે.નં: ૪૫૭૦, મહારાષ્ટ્ર.

૨૧૫૩ શ્રી જે.પી.ત્રિવેદી સ્મારક
અતિથિગૃહ
૧૧૯૪/૧, થોલે રોડ,
શિવાજીનગર, પૂણે-૪૧૧૦૦૪,
મહારાષ્ટ્ર.

૨૧૫૪ શ્રી આકોલા ગુજરાતી સમાજ
મેઈન રોડ, આકોલા,
મહારાષ્ટ્ર.

૨૧૫૫ શ્રી ગુજરાતી વિકાસ મંડળ
શ્રી ગુજરાતી વિદ્યામંદિર,
ખારાકૂવા, ઔરંગાબાદ,
મહારાષ્ટ્ર.

૨૧૫૬ શ્રી ગુજરાતી મિત્રમંડળ
શાહપુરી, પહેલી ગલી
કોલ્હાપુર-૧, મહારાષ્ટ્ર.

૨૧૫૭ શ્રી ગુજરાતી સમાજ
૧૧૦, રામદાસ પેઠ,
નાગપુર-૧૦, મહારાષ્ટ્ર.

૨૧૫૮ શ્રી નાગપુર ગુજરાતી મંડળ
સીટી પોસ્ટ ઓફિસ પાસે,
ઈતવાડી, નાગપુર, મહારાષ્ટ્ર.

૨૧૫૯ શ્રી પંચવટી એજ્યુકેશન સોસા.
વલ્લભવિદ્યાલય, પંચવટી,
નાસિક-૪૨૨૦૦૩. મહારાષ્ટ્ર.

૨૧૬૦ શ્રી ભુસાવળ ગુજરાતી સમાજ
વિદ્યાગૌરી બંગલો, નેતાજી માર્ગ,
ભુસાવળ, મહારાષ્ટ્ર.

૨૧૬૧ શ્રી ગુજરાતી સેવા મંડળ
વર્ધરાજ રોડ, મહારાષ્ટ્ર.

૨૧૬૨ શ્રી સોલાપુર ગુજરાતી મિત્રમંડળ
૯૦-એ, મોરારજી પેઠ,
સોલાપુર, મહારાષ્ટ્ર.

૨૧૬૩ ગુજરાતી સમાજ મિત્રમંડળ
પોલનચોક, દાણાબજાર,
જલગાંવ-૧. ટે.નં:૩૩૮૮૩,
મહારાષ્ટ્ર.

૨૧૬૪ ગુજરાતી સેવા સમાજ
વખાર ભાવ. પો.બો.નં.૧૭,
સાંગલી-૧૬, મહારાષ્ટ્ર.

૨૧૬૫ પાટીદાર સેવા સમાજ
નવયુગ નિવાસ, ૪અને૭મા માળ,
લેમિંગ્ટન રોડ, મુંબઈ-૪,
મહારાષ્ટ્ર.

૨૧૬૬ શ્રી ગુજરાતી મહામંડળ
ગેંદાલાલ સ્ટ્રીટ, હાથીભાટા,
અજમેર, ટે. નં. : ૨૦૭૯૦,
રાજસ્થાન.

૨૧૬૭ શ્રી ગુજરાતી સમાજ
સરદાર પટેલ કોલોની,
અંબાજી રોડ, આબુ રોડ,
ટે.નં.:૧૫૮, રાજસ્થાન.

૨૧૬૮ શ્રી ગુજરાતી સમાજ
ગુજરાતી સમાજ માર્ગ, સી. સ્કીમ
જયપુર-૩૦૨૦૦૧.
ટે.નં. ૬૩૬૬૦,૬૯૦૦૯.

૨૧૬૯ શ્રી ગુજરાતી સમાજ અતિથિગૃહ
ચાંદાપોળ બજાર, જયપુર,
રાજસ્થાન.

૨૧૭૦ શ્રી ગુજરાતી સમાજ
ઠાકર એન્ડ સન્સ, ૧૧, જીવાજી
માર્કેટ, હાથીપોળની અંદર,
ઉદેપુર-૩૧૩૦૦૧. રાજસ્થાન.

૨૧૭૧ શ્રી જોધપુર ગુજરાતી
સમાજ ભવન
પરમાર ભવન, એચ-૩૦/૩૧,
બઢેશ્વર મુલજીબાગ,ચંપાસન રોડ,
જોધપુર-૩૪૨૦૦૧.

૨૧૭૨ શ્રી ગુજરાતી સમાજ
શ્રી ખુશાલદાસ ગોસાલિયા,
એકસપોર્ટ-ઈમ્પોર્ટ, ગોવા.

૨૧૭૩ ગુજરાતી સમાજ

૧૩-૧૪, સંઘવી સ્ટ્રીટ, રામેશ્વર
મંદિરના મેઈન ગેટની સામે,
પોંડીચેરી.

૨૧૭૪ ગુજરાતી સમાજ
સમર્પણ ગેસ્ટ હાઉસ, આર.ટી.
ઓ. ઓફિસ પાસે, પોંડીચેરી.

૨૧૭૫ સાર્વજનિક પુસ્તકાલય
C/O રમેશભાઈ સી. પટેલ
આનંદવાડી, મુ. પો. વઘાસી,
તા. આણંદ, જિ. ખેડા.

૨૧૭૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સાંબા, તા. મહુવા,
જિ. સુરત.

૨૧૭૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સીમરથા, તા. આમોદ,
જિ. ભરૂચ.

૨૧૭૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ભરથાણા,
તા. જિ. ભરૂચ.

૨૧૭૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અંડોલ,
તા. જિ. ભરૂચ.

૨૧૮૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. દેત્રાલ, તા. જિ. ભરૂચ.

૨૧૮૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મકતમપુર,
તા.જિ.ભરૂચ.

૨૧૮૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અંભેટા, તા. વાગરા,
જિ. ભરૂચ.

૨૧૮૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અરગામા, તા. વાગરા,
જિ. ભરૂચ.

૨૧૮૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કરમાડ, તા. જંબુસર,
જિ. ભરૂચ.

૨૧૮૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સામોજ, તા. જંબુસર,
જિ. ભરૂચ.

૨૧૮૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. નાંગલ, તા. અંકલેશ્વર,
જિ. ભરૂચ.

૨૧૮૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સરથાણા, તા. અંકલેશ્વર,
જિ. ભરૂચ.

૨૧૮૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કોસમડી, તા. અંકલેશ્વર,
જિ. ભરૂચ.

૨૧૮૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અડોલ, તા. અંકલેશ્વર,
જિ. ભરૂચ.

૨૧૯૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. બોલાવ, તા. હાંસોટ,
જિ. ભરૂચ.

૨૧૯૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પારડી, તા. હાંસોટ,
જિ. ભરૂચ.

૨૧૯૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. છિલોડી, તા. હાંસોટ,
જિ. ભરૂચ.

૨૧૯૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અંભેટા, તા. હાંસોટ,
જિ. ભરૂચ.

૨૧૯૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઢોલાર, તા. નાંદોદ,
જિ. ભરૂચ.

૨૧૯૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. માંગરોલ, તા. નાંદોદ,
જિ. ભરૂચ.

૨૧૯૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. નોગામા, તા. જગડીયા,
જિ. ભરૂચ.

૨૧૯૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મારોલી, તા. જગડીયા,
જિ. ભરૂચ.

૨૧૯૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અવિયા, તા. જગડીયા,
જિ. ભરૂચ.

૨૧૯૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પીપંદરા, તા. જગડીયા,
જિ. ભરૂચ.

૨૨૦૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ભાલોદ, તા. જગડીયા,
જિ. ભરૂચ.

૨૨૦૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઈટકલા, તા. વાલીયા,
જિ. ભરૂચ.

૨૨૦૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. દેશાડ, તા. વાલીયા,
જિ. ભરૂચ.

૨૨૦૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. બારેખાડા, તા. વાલીયા,
જિ. ભરૂચ.

૨૧૦૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મેડાળા, તા. દેડીયાપાડ,
જિ. ભરૂચ.

૨૨૦૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઘાંટોલી, તા. દેડીયાપાડ,
જિ. ભરૂચ.

૨૨૦૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પીપળીકુવા,
તા. સોનગઢ, જિ. સુરત.

૨૨૦૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સીંગપુર, તા. સોનગઢ,
જિ. સુરત.

૨૨૦૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. રામપુરા, તા. સોનગઢ,
જિ. સુરત.

૨૨૦૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ચકવોગ, તા. સોનગઢ,
જિ. સુરત.

૨૨૧૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ટોકરવા, તા. સોનગઢ,
જિ. સુરત.

૨૨૧૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ખાંભવા, તા. સોનગઢ,
જિ. સુરત.

૨૨૧૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સિમોદરા, તા. માંગરોળ,
જિ. સુરત.

૨૨૧૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. લીંબાડા, તા. માંગરોળ,
જિ. સુરત.

૨૨૧૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. બોરીદ્રા, તા. માંગરોળ,
જિ. સુરત.

૨૨૧૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ચીખલી, તા. બારા,
જિ. સુરત.

૨૨૧૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. દેવગઢ, તા. માંડવી,
જિ. સુરત.

૨૨૧૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. હોળીપાડા, તા. ઉચ્છલ,
જિ. સુરત.

૨૨૧૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સીમલશું, તા. ઓલપાડ,
જિ. સુરત.

૨૨૧૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કુંભીઆ, તા. વાલોડ,
જિ. સુરત.

૨૨૨૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. નાલોટા, તા. વાલોડ,
જિ. સુરત.

૨૨૨૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. નનસાડ, તા. વાલોડ,
જિ. સુરત.

૨૨૨૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. દેગામા, તા. વાલોડ,
જિ. સુરત.

૨૨૨૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. શાહપોર, તા. વાલોડ,
જિ. સુરત.

૨૨૨૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. એકલેરા, તા. ચોર્યાસી,
જિ. સુરત.

૨૨૨૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઉંબેર, તા. ચોર્યાસી,
જિ. સુરત.

૨૨૨૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ટીંબરવા, તા. ચોર્યાસી,
જિ. સુરત.

૨૨૨૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ધામડોદ, તા. બારડોલી,
જિ. સુરત.

૨૨૨૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પલસાદ, તા. બારડોલી,
જિ. સુરત.

૨૨૨૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ટીંબરવા, તા. બારડોલી,
જિ. સુરત.

૨૨૩૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મસાડ, તા. બારડોલી,
જિ. સુરત.

૨૨૩૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પારડી કડોદ,
તા. બારડોલી, જિ. સુરત.

૨૨૩૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અમલસાડી,
તા. પલસાણા, જિ. સુરત.

૨૨૩૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વડદલા, તા. પલસાણા,
જિ. સુરત.

૨૨૩૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સિયોદ, તા. પલસાણા,
જિ. સુરત.

૨૨૩૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સેદ્રાવ, તા. પલસાણા,
જિ. સુરત.

૨૨૩૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. આંગણપરા,
તા. મહુવા, જિ. સુરત.

૨૨૩૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અનાવલ, તા. મહુવા,
જિ. સુરત.

૨૨૩૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ભોરિયા, તા. મહુવા,
જિ. સુરત.

૨૨૩૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ડુંગરી, તા. મહુવા,
જિ. સુરત.

૨૨૪૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ.પો. ધોળીકૂઈ, તા. મહુવા,
જિ. સુરત.

૨૨૪૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. રાણત, તા. મહુવા,
જિ. સુરત.

૨૨૪૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વાંસકૂઈ, તા. મહુવા,
જિ. સુરત.

૨૨૪૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઉંભેળ, તા. કામરેજ,
જિ. સુરત.

૨૨૪૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. આંબોલી, તા. કામરેજ,
જિ. સુરત.

૨૨૪૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મોરથાણા, તા. કામરેજ,
જિ. સુરત.

૨૨૪૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પાલી, તા.કામરેજ,
જિ. સુરત.

૨૨૪૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કડોડા, તા. સિધ્ધપુર,
જિ. મહેસાણા.

૨૨૪૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ચાટાવાડા,
તા. સિધ્ધપુર, જિ. મહેસાણા.

૨૨૪૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મહેરવાડા,
તા. સિધ્ધપુર, જિ. મહેસાણા.

૨૨૫૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વલથાણ,તા.કામરેજ,
જિ. સુરત.

૨૨૫૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ગુંદરડી, તા. ચોર્યાસી,
જિ. સુરત.

૨૨૫૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સેંદ્રાણા,
તા. સિદ્ધપુર, જિ. મહેસાણા.

૨૨૫૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પીંપળ, તા. ચાણસ્મા,
જિ. મહેસાણા.

૨૨૫૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ખંડોસણ, તા. વિસનગર,
જિ. મહેસાણા.

૨૨૫૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. સાંથલ, પો. જેટાણા,
તા. જિ. મહેસાણા.

૨૨૫૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કનસાડ, તા. ચોર્યાસી,
જિ. સુરત.

૨૨૫૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પરસોલી, તા. નવસારી,
જિ. વલસાડ.

૨૨૫૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કસ્બાપાર, તા. નવસારી,
જિ. વલસાડ.

૨૨૫૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. બોરકુળિયા,
તા. નવસારી, જિ. વલસાડ.

૨૨૬૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કોથા, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૬૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મોહનપુર, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૬૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અંભેટી, તા. ધરમપુર,
જિ. વલસાડ.

૨૨૬૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. છીરી, તા. પારડી,
જિ. વલસાડ.

૨૨૬૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. તરમાલીયા, તા. પારડી,
જિ. વલસાડ.

૨૨૬૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વેજલપોર, તા. નવસારી,
જિ. વલસાડ.

૨૨૬૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સીસોદરા (આટક),
તા. નવસારી, જિ. વલસાડ.

૨૨૬૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. નાનીકકરાડ,
તા. નવસારી, જિ. વલસાડ.

૨૨૬૮ સુવર્ણ મહોત્સવ
સાર્વજનિક પુસ્તકાલય
મુ.પો. પિરાવળ, તા. નવસારી,
જિ. વલસાડ.

૨૨૬૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કલવાડા, તા. ચીખલી,
જિ. વલસાડ.

૨૨૭૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સાદડવેલ, તા. ચીખલી,
જિ. વલસાડ.

૨૨૭૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વાંસકુઈ, તા. વાંસદા,
જિ. વલસાડ.

૨૨૭૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ધમડાછા, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૭૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ખખવાડા, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૭૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ.પો. વલોટી, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૭૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ગડત, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૭૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મટવાડ, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૭૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વેગામ, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૭૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. માણેકપુર, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૭૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અંભેટા, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૮૦ કસ્તુરબા જીણાભાઈ રાઠોડ
સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઈચ્છાપોર, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૮૧ રામકૃષ્ણ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કલમઠા, તા. ગણદેવી,
જિ. વલસાડ.

૨૨૮૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પોરડા, તા. પાટડી,
જિ. સુરેન્દ્રનગર.

૨૨૮૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મોલવાણ, તા. પાટડી,
જિ. સુરેન્દ્રનગર.

૨૨૮૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. રાજપર, તા. વઢવાણ,
જિ. સુરેન્દ્રનગર.

૨૨૮૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ખોલડીયાદ, તા. વઢવાણ,
જિ. સુરેન્દ્રનગર.

૨૨૮૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. દહીંસરા, તા. પડધરી,
જિ. સુરેન્દ્રનગર.

૨૨૮૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. લક્ષ્મીવાસ,
તા. માળીયા મીયાણા,
જિ. સુરેન્દ્રનગર.

૨૨૮૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વેજલપુર,
તા. માળીયા મીયાણા,

જિ. સુરેન્દ્રનગર.

૨૨૮૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. માલગઢ,
તા. જિ. ભાવનગર.

૨૨૯૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. શેઢાવદર,
તા. જિ. ભાવનગર.

૨૨૯૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. બોરડી, તા. શિહોર,
જિ. ભાવનગર.

૨૨૯૨ શ્રી ગાયત્રી જ્ઞાનતીર્થ વિદ્યાર્થી
ઋષિકુળ આશ્રમ
મુ. પાટરામા(ગીર અરણ્ય)
વા. તા. મેંદરડા, પો. ગઢાળી,
જિ. જુનાગઢ-પીન. ૩૬૨૨૬૦.

૨૨૯૩ શ્રી ગાયત્રી વિદ્યા સંસ્કારધામ
શ્રી રામોઝાર વિદ્યામંદિર
૧, ઉદયનગર રોડ,
મવડી મેઈન રોડ, રાજકોટ-૪.

૨૨૯૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. હરીપર, તા. ગઢડા,
જિ. ભાવનગર.

૨૨૯૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સારંગપુર, તા. ગઢડા,
જિ. ભાવનગર.

૨૨૯૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઢસાજંકશન,
તા. ગઢડા, જિ. ભાવનગર.

૨૨૯૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. રતનપુર, તા. બોટાદ,
જિ. ભાવનગર.

૨૨૯૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પાટી, તા. બોટાદ,
જિ. ભાવનગર.

૨૨૯૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પીપળીયા,
તા. વલ્લભીપુર, જિ. ભાવનગર.

૨૩૦૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ટુંડારા, તા. મહુવા,
જિ. ભાવનગર.

૨૩૦૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. રાજગઢ,
તા. જિ. ભાવનગર.

૨૩૦૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. માલગામ, તા. કોડીનાર,
જિ. અમરેલી.

૨૩૦૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ટોડા, તા. લાઠી,
જિ. અમરેલી.

૨૩૦૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. રામપર, તા. લાઠી,
જિ. અમરેલી.

૨૩૦૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. શંકરપુરા,
તા. જિ. મહેસાણા.

૨૩૦૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. બામેસાણા,
તા. જિ. મહેસાણા.

૨૩૦૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. આનંદપુરા(પાંચોર),
તા. જિ. મહેસાણા.

૨૩૦૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ગોરાદ, તા. ચાણસ્મા,
જિ. મહેસાણા.

૨૩૦૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મહાદેવપુરા,
તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૨૩૧૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. માણીપુરા,
તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૨૩૧૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સાંપાવાડા,
તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૨૩૧૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. નારાણપુરા,
તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૨૩૧૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પ્રતાપનગર,
તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૨૩૧૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. દેવગઢ,
તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૨૩૧૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ગણેશપુરા,
તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૨૩૧૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. અંબાલા, તા. ચાણસ્મા,
જિ. મહેસાણા.

૨૩૧૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. શંખલપુર,
તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૨૩૧૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વસાઈ, તા. ખેરાલુ,
જિ. મહેસાણા.

૨૩૧૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઓઠડા, તા. ખેરાલુ,
જિ. મહેસાણા.

૨૩૨૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. આનંદપુરા, તા. ખેરાલુ,
જિ. મહેસાણા.

૨૩૨૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. શોભાસણા, તા. ખેરાલુ,
જિ. મહેસાણા.

૨૩૨૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મંડાલી, તા. ખેરાલુ,
જિ. મહેસાણા.

૨૩૨૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. નંદાલી, તા. ખેરાલુ,
જિ. મહેસાણા.

લેસર ટાઈપસેટીંગ :-
જનકી ગ્રાફીક્સ એન્ડ સ્ક્રીન પ્રિન્ટીંગ
૧૦, ત્રિવેણી પાર્ક સોસાયટી,
રન્નાપાર્ક,
અમદાવાદ-૬૧.
ફોન :- ૭૪૧૮૬૬૬૮

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३ ।

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम् -ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने कराववा प्रयत्न करवो. (२) 'योग' नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (३) समाजनुं नैतिक धोरण ऊंचुं लाववा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

PRINTED BOOK
Registrar of News Papers of India under Regd.No. 48770/90
L-5/131/QTY./34/90-91

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક પિતા

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Pailadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at: Kunal Offset, Odhav, Ahmedabad.
Hon. Editor : Naishadh vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q. -III 33-163/95-96 up to March 2000

To,

Pin Code

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ---------- રૂ. ૨૦-૦૦
આજીવન સભ્ય (") ---------- રૂ. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ---------- ૧૨ $
આજીવન સભ્ય (") ---------- ૧૦૧ $

લવાજમ મોકલવાનું સ્થળ :-

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા " ઓ. પ્રે. પ. ટ્રસ્ટ " ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) " ઋતમ્ભરા " ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.